# શાંતિપાઠ

- શ્રીજી બાવની
- ફગવા
- શ્રીજી ચાલીસા
- જનમંગલ નામાવલી



INDEX

# શાંતિપાઠ

# શાંતિપાઠ


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશન તિથિ : સં.૨૦૭૧, ગુરુપૂર્ણિમા તા.૩૧/૭/૨૦૧૫

આવૃત્તિ- ૨ : સં. ૨૦૭૨

પ્રત : ૫૦૦૦

કિંમત : ૧૦/-

ISBN : 978-93-83456-61-1

પ્રાપ્તિસ્થાન : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ મો.૯૬૦૧૨ ૯૦૦૦૧

શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ, વડોદરા મો.૯૬૦૧૨ ૯૦૦૦૫

**Website :** www.swaminarayanbhagwan.com

**Email :** karelibaug@gmail.com

# પ્રસ્તાવના

સર્વાવતારી શ્રીહરિનાં ચરિત્રો ગાવાં, સાંભળવાં, વિચારવાં અને મનન કરવાં એ જ સુખ-શાંતિ પામવાનો સર્વોત્તમ ઉપાય છે. શ્રીહરિનાં ચરિત્રો તો અવની ઉપરનું અમૃત છે. સમાધિનિષ્ઠ અને આત્મનિષ્ઠ એવા સ્વરૂપાનંદસ્વામીને પણ દુઃખના સમયે શ્રીહરિએ ચરિત્રો ચિંતવવાનું કહ્યું હતું. ભગવાનના ચરિત્રોનો રસથાળ ભક્તોને સહેજે મળે તેવા હેતુથી શ્રીહરિએ અનેક સદ્‌ગ્રંથોની રચના કરી-કરાવી છે. તેમાં પણ ભક્તો જેવું ચિંતવે તેવું એનુ તત્કાળ ફળ મળે. એવો ગ્રંથરાજ “ભક્તચિંતામણિ” છે.

આ ધમાલિયા યુગમાં કોઈને આખા ભક્તચિંતામણિ ગ્રંથની પારાયણ કરવાનો સમય ન મળે, તેને માટે અનુભવી મુક્તપુરુષોએ આ ગ્રંથના ૨૯ થી ૩૩ આ પાંચ પ્રકરણને “શાંતિપાઠ” તરીકે ઘોષિત કર્યા છે. આ પાંચ પ્રકરણનો પાઠ કરવાથી રોગીઓના રોગ દૂર થાય છે. દુખિયાના દુઃખ ટળે છે, કુંટુંબમાં સંપ વધે છે અને સહુને સુખ-શાંતિ મળે છે. સ્વયં નિષ્કુળાનંદસ્વામી શાંતિપાઠ કરવાનું ફળ વર્ણવતા પ્ર.૩૩માં કહે છે,

*આ જે હરિચરિત્ર અનુપ, કૃષ્ણભક્તને છે સુખરૂપ;*
*તેને કહેશે સાંભળશે જેહ, મહાકષ્ટથી મુકાશે તેહ.*

*આ લોકમાં પણ સુખી રહેશે, પરલોકે પરમ સુખ લેશે;*
*કહેશે હેતે સાંભળશે કાન, તે પર રાજી થાશે ભગવાન.*

સહુ ભક્તોના સુખાર્થે શાંતિપાઠની સાથોસાથ ‘શ્રીજી ચાલીસા’, ‘શ્રીજી બાવની’, ‘ફગવા’ અને ‘જનમંગલનામાવલી’ નો પણ આમાં સમાવેશ કરેલો છે. આ નાનકડી પુસ્તિકામાં સુંગધીમાન પાંચ પુષ્પો ચુંટીને મુક્યા છે. તેનું વાંચન, શ્રવણ આપણા સહુના જીવનમાં સુખ-શાંતિ આપે અને દુઃખ કાપે એવા છે. કરુણામૂર્તિ શ્રીજીમહારાજ આ પુસ્તિકાનો પાઠ કરનાર ઉપર રાજી થઈ તેમના બંને લોકના મનોરથને પુરા કરે એવી શ્રીહરિજી મહારાજના ચરણે પ્રાર્થના...

[illegible]
[illegible]

INDEX

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નં |
|---|---|---|
| ૧ | શાંતિપાઠ | ૦૧ |
| ૨ | શાંતિ પામવાનો ઉપાય | ૬૦ |
| ૩ | વૈરાગ્યમૂર્તિ સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામીના આશીર્વાદ | ૬૪ |
| ૪ | શ્રીજી બાવની | ૬૫ |
| ૫ | શ્રીજી ચાલીસા | ૭૧ |
| ૬ | ફગવા | ૭૭ |
| ૭ | જનમંગલનામાવલી | ૮૧ |
| | | |

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# શાંતિપાઠ

*(ભક્તચિંતામણિ પ્રકરણ : ૨૯ થી ૩૩)*

**પૂર્વછાયો :**

ત્યાર પછીની જે વારતા, તમે સાંભળો સહુ સુજાણ;
ત્યાગ વૈરાગ્ય જે નાથનો, તેના શિયાં કરું હું વખાણ...૦૧

ભૂલ્યે પણ નિજ દેહને, માને નહિ કોઈ દન;
ઈશ્વર ઈચ્છાએ તન રહ્યું, પણ પોતે ન કર્યું જતન...૦૨

પછી પ્રભુજી બેઠા હતા, ગેહેરી ગંગાને તીર;
ત્યાંથી ઊઠી ઊતરિયા, જે હતું અથાહ નીર...૦૩

ઉત્તર દિશમાં ચાલવા, અતિ અંતરમાં છે આનંદ;
ઝર નગ ને નિઝરણે, ચાલ્યા ઘનશ્યામ સુખકંદ...૦૪

**ચોપાઈ :**

ચાલ્યા ઉત્તર દિશે દયાળ, નિધડક થઈ તતકાળ;
મોટા મોટા પર્વત બે પાસે, જાણું અદ્રિ અડ્યા છે આકાશે...૦૫

સામ સામી ઝૂકી છે શિખર્યો, બહુ બિયામણી ઘણી ઝર્યો;
ચાલે નિઝરણે નીર ઘણાં, થાય ઘોષ અખંડ તે તણાં...૦૬

જેમ પરસ્પર ઝૂક્યા પહાડ, તેમ ઝકુંબી રહ્યાં છે ઝાડ;
નમી રહ્યું કરાડ્યું કરાળ, તેમાં ચાલ્યા જાય છે દયાળ...૦૭

સામી નદીએ ચાલ્યા છે શ્યામ, જે કોઈ સર્વેના આતમારામ;
ત્યાં તો આડો આવ્યો છે અચળ, આવે તેની ગુફામાંથી જળ...૦૮

વહે વેગમાં ધારા પ્રચંડ, થાય ઘોષ તેહનો અખંડ;
ત્રણ્યે કોરે જાવા નહિ જાગ્ય, વળે કેમ જેને છે વૈરાગ્ય...૦૯

પછી બેઠા તિયાં ઘનશ્યામ, દિન અસ્ત પામ્યો એહ ઠામ;
વળતું જોયું પૂર્વે વિલોકી, દીઠો પુરુષ ત્યાં એક અલોકી...૧૦

તેણે વણપૂછે કહી વાત, કિયાં જાવું છે હે જગતાત;
પછી હરિ બોલિયા છે ત્યાંઈ, મારે જાવું છે ઉત્તર માંઈ...૧૧

પણ તમે કોણ છો દયાળ, આવ્યા આણે સમે તતકાળ;
ત્યારે તે કહે સુણો ભગવાન, હિમાચળ હું મૂરતિમાન...૧૨

એમ કહીને બતાવી વાટ, ગરો ગુફામાં વરણિરાટ;
એમાં ચાલતાં આવશે મગ, એમ કહી ન દેખાણો નગ...૧૩

પછી ચાલ્યા એમાં અવિનાશ, જેને નથી દેહનો અધ્યાસ;
પેઠા ઘોર અંધારી ગુફામાં, આવતી જળધારાને સામા...૧૪

ચાલતાં ચાલતાં વિત્યો પહોર, બીજાનું કેમ હૈયું રહે ઠોર;
માંહિ મોટા મોટા મણિધર, કૂર્મ કચલા કરી રહ્યા ઘર...૧૫

મીન મઘર્યો દાદુર જેમાં, નિઃશંક મને ચાલ્યા જાય તેમાં;
પછી પામિયા એહનો પાર, નીસર્યા ઘોર ગુફાને બાર...૧૬

ત્યાં તો આવિયો છે એક ધ્રોહ, ઊંડો અથાહ જંતુ સમોહ;
વીત્યા ત્રણ દિવસ જો ત્યાંઈ, ફળ ફૂલ મળ્યું નહિ કાંઈ...૧૭

ભૂખ્યા પડી રહ્યા તિયાં રાત્ય, શું કહું એ ધીરજ્યની વાત;
સૂતા નિઃશંક થઈ ગઈ રેણ, જાગ્યા પ્રભાતે કમળનેણ...૧૮

નાહી સંધ્યા કરી તેહ વાર, મળ્યાં ફળ ફૂલ કર્યો આહાર;
પછી ચાલ્યા ત્યાંથી થોડું ઘણું, મળ્યું એંધાણ મારગ તણું...૧૯

ત્યારે ચાલ્યા એ મારગ લઈ, તિયાં દિન વીતી ગયા કંઈ;
પછી પુલહ બ્રહ્માના સુતન, આવ્યું આશ્રમ તેનું પાવન...૨૦

અતિ ચમતકારી છે એહ, થાય સુખી સેવે જન જેહ;
તપફળ મળે તિયાં તરત, જિયાં તપ કર્યું આગે ભરત...૨૧

મુમુક્ષુને છે સેવવા જેવું, જ્યાં શ્રીકૃષ્ણને છે નિત્ય રહેવું;
ચક્ર નદી જિયાં ચ્યારે કોર, નાયા છે તેમાં ધર્મકિશોર...૨૨

કરી ક્રિયા ત્યાં પાઠ પૂજન, કર્યું મુક્તનાથનું દર્શન;
પછી ભરતે કર્યું તપ જિયાં, પોતે પણ બેઠા જઈ તિયાં...૨૩

તેની પેઠ્યે આદર્યું છે તપ, તેના જેવો કરે નિત્ય જપ;
જાણ્યું પામ્યા ભરત મૃગદેહ, માટે પોતે રહે છે નિસ્પ્રેહ...૨૪

એમ સંગ તજ્યો જ્યારે બાર, પછી અંતરે કર્યો વિચાર;
પુરંજનની કથા સંભારી, મૂક્યો બુદ્ધિનો સંગ વિસારી...૨૫

શુદ્ધ સ્વરૂપ આત્મા કહેવાય, પોતાપણું માન્યું છે તેમાંય;
પછી ઊર્ધ્વ બાહુ કરી આપ, કરે ગાયત્રીનો નિત્ય જાપ...૨૬

ધર્યું સૂર્યનારાયણનું ધ્યાન, ગંડકીમાં કરી નિત્ય સ્નાન;
મુક્તનાથ સેવા મન ગમે, ફળ ફૂલ જે મળે તે જમે...૨૭

તેને જોઈ તપી ત્યાં રહેનાર, વિસ્મય પામે મન મોઝાર;
કહે આ તો પ્રહ્‌લાદ છે આપે, કાં તો ધ્રુવને મૂક્યા ફરી બાપે...૨૮

કાં તો સ્વામી કાર્તિક કહીએ, કાં તો સનતકુમાર લહીએ;
કાં તો સનકાદિક સુજાણ, કાં તો દત્તાત્રેય પરમાણ...૨૯

ઋભુ કાં તો નારાયણઋષિ, તેહ વિના નહિ આ તપસી;
જોને કઠણ કરે તપ તને, તોય પડતા નથી મોળા મને...૩૦

જુવો મુખ શોભા મુનિઇંદ્ર, જાણું પૂરણમાસીનો ચંદ્ર;
આવા બ્રહ્મસૃષ્ટિમાં ન ભાળ્યા, તે તો આજ નજરે નિહાળ્યા...૩૧

મોટું તપ મનુષ્યે ન થાય, તે આદર્યું છે અતિ ઉછાય;
એને આગળ્ય તપ આપણું, થયું ખેલવણું બાળ તણું...૩૨

દીસે બાળ પણ મોટા બહુ, જોઈ વિસ્મય પામ્યા છીએ સહુ;
એમ માંહોમાંહી કહે મુનિ, જોઈ તપશા તેહ પ્રભુની...૩૩

એવું તપ જોઈ બીજા જન, પ્રભુ દુઃખે દુઃખાણા છે મન;
ભક્તિ ધર્મ દિવ્ય દેહ ધરી, રહે છે પાસે દોય હેતે કરી...૩૪

અતિ કૃશ ઊભા એક પગે, નથી દેખી શકતાં તે દ્રગે;
જાણ્યું લડથડી પડશે નાથ, ખમા ખમા કહી દિયે હાથ...૩૫

અતિ હેત છે હરિને માથે, તેણે દંપતી રહે છે સાથે;
દેહ દુર્બળ દેખ્યું ન જાય, રતી રુધિર નહિ તન માંય...૩૬

અંગોઅંગની જે સર્વે નાડી, તે તો થઈ રહી છે ઉઘાડી;
દીસે અસ્થિ આમીષ ન દીસે, ત્વચા ચોંટી રહી છે તે વિશે...૩૭

દેહ જોતાં દેહ નવ્ય રહે, એમ જન જોઈ સહુ કહે;
એવે શરીરે આદર્યું તપ, કરે છે મુખે ગાયત્રી જપ...૩૮

તેમાં ધરે છે સૂર્યનું ધ્યાન, ભાવે કરી પોતે ભગવાન;
કરે છે એવું તપ હમેશ, દેવા તપસ્વીને ઉપદેશ...૩૯

એમ તપ કર્યું માસ ચાર, સહી મેઘ તણી ઘણી ધાર;
કરી તેમાં ઉપાસના ઘણી, તે તો સૂર્યનારાયણ તણી...૪૦

એમ કરતાં એકાદશી જેહ, આવી પ્રબોધિની નામે તેહ;
ત્યારે અતિ આનંદ વધારી, કર્યું જાગરણ જામિની સારી...૪૧

ત્યારે સૂર્યનારાયણે ત્યાંય, દીધું દર્શન એ નિશિ માંય;
અતિ સુંદર તન સ્વરૂપ, અંગોઅંગે શોભા છે અનુપ...૪૨

દોય કર કમળ છે હાથે, નંગજડિત મુગટ માથે;
કનક કડાં છે કરમાં કાજુ, દોય ભુજાએ બાંધ્યા છે બાજુ...૪૩

કાને કુંડળ શોભે છે સાર, તેજ તેજ તેજના અંબાર;
હાસ્યે સહિત શોભે વદન, તેમાં કરુણાએ ભર્યાં લોચન...૪૪

એવાં સૂર્યે દીધાં દરશન, અતિ આપે થઈને પ્રસન્ન;
તેને દેખી ઊઠ્યા હરિ તરત, કર્યાં ભક્તિએ શું દંડવત...૪૫

થયા ગદ્‌ગદ કંઠે વર્ણી, પ્રેમે ભૂલ્યા સૂધ તન તણી;
આંખ્યે આંસુ રોમાંચિત તન, જોડી હાથ કરે છે સ્તવન...૪૬

તમે તેજપુંજ મારતંડ, નિજ તેજે પ્રકાશો બ્રહ્માંડ;
ધરી કશ્યપ ઘેર અવતાર, એવા તમે તેને નમસ્કાર...૪૭

તમારે ઊગવે કરી દયાળુ, થાય સર્વે જગત સુખાળું;
તેમાં પાપી પીડાયે અપાર, એવા તમે તેને નમસ્કાર...૪૮

તમારે ઊગવે કરી કહું, કરે કાળની ગણના સહુ;
નીકર નોય કાંઈ નિરધાર, એવા તમે તેને નમસ્કાર...૪૯

તમારે ઊગવે કરી આપ, સર્વે પ્રાણીનાં બાંધ્યાં છે માપ;
દેવ દાનવ ને નર નાર, એવા તમે તેને નમસ્કાર...૫૦

તમે પ્રભુ પ્રકટ છો દેવ, સહુ જન જાણે છે એ ભેવ;
નથી છાનો પ્રતાપ લગાર, એવા તમે તેને નમસ્કાર...૫૧

એવી સ્તુતિ કરી જોડી કર, ત્યારે ભાવે બોલ્યા ભાસકર;
માગો હરિ મું પાસેથી આજ, ત્યારે હરિ કહે માગું મહારાજ...૫૨

કામ ક્રોધ દંભ લોભ મોહ, ઈન્દ્રિ ગુણ આદિ જે સમોહ;
તેથી રક્ષા કરજ્યો અમારી, જેણે રહીએ નૈષ્ઠિક બ્રહ્મચારી...૫૩

વળી જ્યારે જ્યારે હું સંભારું, ત્યારે દર્શન થાય તમારું;
એ જ વર માગું છું તમથી, માયિક સુખ માગતો નથી...૫૪

ત્યારે સૂર્ય કહે સુખદાઈ, તમ વડે મારી છે મોટાઈ;
આવો તેજ પ્રતાપ છે મારો, તે તો સર્વે જાણો છે તમારો...૫૫

નથી સમર્થ તમથી અમે, પણ થાશે જે માગ્યું છે તમે;
એમ હરિને આપી વરદાન, પોતે થયા પછી અંતર્ધાન...૫૬

પછી તપ સમાપતિ કરી, એહ ક્ષેત્ર વખાણે છે હરિ;
રહ્યા ત્યાં દ્વાદશીનો દન, પછી કર્યું છે ચાલવા મન...૫૭

એમ ચરિત્ર કરે બહુનામી, જે કોઈ સર્વે ધામના ધામી;
જેની આગન્યામાં અજ ઈશ, વિષ્ણુ વિબુધ શારદા શેષ...૫૮

જેની આગન્યામાં માયા કાળ, સર્વે લોક વળી લોકપાળ;
જેની આગન્યામાં વાયુ વ્યોમ, વળી કહીએ તેજ તોય ભોમ...૫૯

એહ સર્વેના નિયંતા સ્વામી, કરે એમ ચરિત્ર બહુનામી;
નરતન ધર્યું છે તે માટ, એમ વરતે છે વર્ણિરાટ...૬૦

*ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે હરિતપશ્ચર્યાવર્ણન નામે ઓગણત્રીસમું પ્રકરણમ્ ॥૨૯॥*

**પૂર્વછાયો :**

ત્યાર પછી કૃષ્ણદેવની, કહું કથા અતિ રસાળ;
ચંચળ થયા ચાલવા, ઉત્તર દિશામાં દયાળ...૦૧

નામી મસ્તક મુક્તનાથને, પછી નામ્યું મુક્તને શીશ;
પ્રભાતે ઊઠી પધારિયા, એહ આશ્રમથી જગદીશ...૦૨

નગ નદીયો તળાવ ત્યાં, તરી ઊતર્યા તે પાર;
મહા અરણ્ય જ્યાં મનુષ્ય નહિ, ચોંપે ચાલ્યા તેહ મોઝાર...૦૩

હિમાચલ ભણી ચાલિયા, જોયાં તેની તળાટીનાં વન;
ઝાડ પહાડ જોઈ પૃથિવી, જોયાં વિવિધે વૃક્ષ સઘન...૦૪

**ચોપાઈ :**

ઝાડ પહાડ ઊંચા છે અપાર રે, જાણ્યું અડ્યા આકાશ મોઝાર રે;
સામસામી શાખા સંકળાણી રે, એક બીજામાં ઘણી ઘૂંચાણી રે...૦૫

વળી વિધ્યે વિધ્યે વેલી જેહ રે, એક બીજામાં ઊરઝી તેહ રે;
વન વેલી ઘૂંચાણી છે ઘાટી રે, જેને જોઈ છાતી જાય ફાટી રે...૦૬

એવું ઘાટું વન છે વિષમ રે, જેમાં ન પડે રાત્ય દિની ગમ રે;
ન દીસે ઊગી આથમે દન રે, એવું ઝાડે છે વન સઘન રે...૦૭

તિયાં ફળ ફૂલ ફૂલ્યાં કંઈ રે, કંદ મૂળ તણો પાર નઈ રે;
વળી સર સરિતા અપાર રે, અતિ અમળ જળ તે મોઝાર રે...૦૮

વળી ગેહરી ગુફા ત્યાં ઘણી રે, જાણું બહુ રહ્યાં મંદિર બણી રે;
વળી પશુ ને પક્ષી ત્યાં ઘણાં રે, ફરે ટોળાં બોળાં તેહ તણાં રે...૦૯

સિંહ શાર્દૂલ કાવે કેસરી રે, કપિ કુરંગ ને કંઈ કરી રે;
ગેંડા રોઝ ને મહિષા ઘણા રે, વ્યાઘ્ર વરાહ બહુ બિહામણા રે...૧૦

સુરા ગાયો ને સેમર શ્યાળ રે, શશા નોળા બોળા ત્યાં વ્યાળ રે;
જ્યારે બોલે પરસ્પર એહ રે, થાયે શબ્દ ભયંકર તેહ રે...૧૧

મનુષ્યજાતિએ ત્યાં ન જવાય રે, જો જાય તો પાછું ન અવાય રે;
એવા વનમાં એકાએક ફરે રે, અતિ ધીર કોઈથી ન ડરે રે...૧૨

ભૂત પ્રેત દનુજ ને દૈત્ય રે, એવા મળે વન માંહી નિત્ય રે;
યક્ષ રાક્ષસ રાક્ષસી જેહ રે, ભૈરવ ભૈરવી વૈતાલી તેહ રે...૧૩

એવા અહોનિશ વનમાં રમે રે, ત્યાં હરિ એકાએક ભમે રે;
જાતાં જાતાં પડે રાત્ય જિયાં રે, સૂવે નિર્ભય થઈને તિયાં રે...૧૪

એમ જોતાં તે વન સમગ્ર રે, આવ્યું એક ત્યાં બુટોલનગ્ર રે;
તેનો રાજા મહાદત્ત નામ રે, સર્વે પર્વતી રાજાનો શ્યામ રે...૧૫

તેણે દીઠા ત્યાગી ઘનશ્યામ રે, અતિ હેતે રાખ્યા નિજ ધામ રે;
કરે અતિ પ્રીત્યે નિત્ય સેવ રે, જાણે આ છે મોટા કોઈ દેવ રે...૧૬

નૃપભગિની નામ માયાજી રે, દેખી હરિ થયાં બહુ રાજી રે;
કહે આ તો મોટા કોઈ અતિ રે, નોય મનુષ્યની આવી ગતિ રે...૧૭

જોઈ હરિનાં મોટાં આચરણ રે, સેવે કલ્યાણ સારુ તે ચરણ રે;
પછી નાથે દયા કરી તેને રે, આપ્યું નિજજ્ઞાન એહ બેને રે...૧૮

જન્મમરણ તણું જાળ કાપ્યું રે, સુખ અંતરે અખંડ આપ્યું રે;
રહ્યા તિયાં થોડાઘણા દન રે, પછી ત્યાંથી ચાલ્યા છે જીવન રે...૧૯

તપ કરવા ઈશક છે અતિ રે, બીજી વાત તે નથી ગમતી રે;
શહેર પુર નગ્ર ઘોષ ગામ રે, નથી ગમતું રહેવાને એ ઠામ રે...૨૦

મેડી મહોલ હવેલી આવાસ રે, તેમાં રહેતાં રહે છે ઉદાસ રે;
માટે વેગે ચાલ્યા ત્યાંથી વને રે, તૈંયે રાજી થયા બહુ મને રે...૨૧

મુક્તનાથથી આવ્યા એ અરણ્ય રે, તેને વીતી ગયા કાળ ત્રણ રે;
ચાલ્યા ગહન વનને માંઈ રે, ખાવા ફળ ફૂલ નિત્ય ત્યાંઈ રે...૨૨

તે પણ મળે કે ન મળે ટાણે રે, તોય મન અધીર ન આણે રે;
એવા થકા વિચરે છે વને રે, અતિ ત્યાગ વૈરાગ્ય છે તને રે...૨૩

જાતાં ઉત્તર દિશને માંઈ રે, આવ્યો વડ રૂડો એક ત્યાંઈ રે;
ત્યાંથી નદી તળાવ નિકટ રે, અતિ ઊંચો વિસ્તારે છે વટ રે...૨૪

તેને આસપાસે ગજ ફરે રે, બીજા શબ્દ ભયંકર કરે રે;
ત્યાંથી ઉગમણું એક તાલ રે, વહે ઉત્તરમાં જળમાલ રે...૨૫

નડથુંબડે વીંટ્યો છે વડ રે, બેઠા દીઠા યોગી તેને થડ રે;
મૃગાજિન પર બેઠા આપ રે, માથે જટા મોટી છે નિષ્પાપ રે...૨૬

આછાદને ઢાંકેલ કૌપીન રે, નથી તે પણ વસ્ત્ર નવીન રે;
તેહ વિના નથી બીજું પાસ રે, માયિક સુખથી છે ઉદાસ રે...૨૭

શાળગ્રામની સેવા કીધી છે રે, ગીતા પાઠ કરવા લીધી છે રે;
એવા ગોપાળ યોગી ઉદાર રે, તેને નાથે કર્યો નમસ્કાર રે...૨૮

ત્યારે ઊભા થઈ યોગીરાય રે, મળ્યા હેત આણી ઉરમાંય રે;
જેમ વહાલાં વેગળેથી આવે રે, તેને મળે જેમ અતિ ભાવે રે...૨૯

એમ પામ્યા છે અતિ આનંદ રે, પછી મળી બેઠા મુનિઈન્દ રે;
કહ્યું એક બીજાનું વૃત્તાંત રે, ત્યારે વાધિયું હેત અત્યંત રે...૩૦

કહે આપણે રહેશું બે મળી રે, બોલ્યા પ્રભુજી એવું સાંભળી રે;
કહ્યું તમે ગુરુ ને હું શિષ્ય રે, આપો રૂડો મને ઉપદેશ રે...૩૧

રહ્યા ગોપાળયોગીને પાસ રે, કર્યો યોગશાસ્ત્રનો અભ્યાસ રે;
કાવે જે કોઈ અષ્ટાંગ યોગ રે, શીખ્યા જેથી મટે ભવરોગ રે...૩૨

મોટી બુદ્ધિવાળા ઘનશ્યામ રે, શીખ્યા યોગ અંગ કહું નામ રે;
યમ નિયમ આસન જેહ રે, પ્રાણાયામ પ્રત્યાહાર તેહ રે...૩૩

ધારણા વળી ધ્યાન જે કહીએ રે, અષ્ટમું અંગ સમાધિ લહીએ રે;
તેમાં જૂજવા ભેદ છે બહુ રે, શીખ્યા થોડે દને હરિ સહુ રે...૩૪

એકવાર સાંભળે છે જેહ રે, શીખી કરી દેખાડે છે તેહ રે;
વળી શીખ્યા છે પ્રથમ પેલે રે, તે પણ કરી દેખાડે છે છેલે રે...૩૫

બસ્તિ બે પ્રકારની લહીએ રે, નેતિ કુંજરક્રિયા તે કહીએ રે;
નોળી શંખપ્રક્ષાલન નામ રે, મોર્યે શીખ્યા છે એ ઘનશ્યામ રે...૩૬

તે તો સર્વે દેખાડે છે કરી રે, ગુરુ ગોપાળયોગીને હરિ રે;
જોઈ ગુરુ કરે છે વિચાર રે, નોય મનુષ્ય આ નિરધાર રે...૩૭

આ તો કૃષ્ણ છે ગોલોકપતિ રે, આવ્યા છે પોતે ધરી મૂરતિ રે;
આવો હું જે અતિ નિસ્પ્રેહ રે, તેને ન થાય બીજે સનેહ રે...૩૮

માટે જાણું છું જરૂર કૃષ્ણ રે, એવે ભાવે કરે નિત્ય દ્રષ્ણ રે;
એમ પરસ્પર ગુરુપણું રે, રાખે એકબીજા માંહી ઘણું રે...૩૯

કંદ મૂળ ફળ ફૂલ વળી રે, જમે આનંદે એકઠા મળી રે;
એમ વીત્યું એ સ્થાનકે વર્ષ રે, કરી ઉગ્ર તપ થયા કૃષ રે...૪૦

શીત ઉષ્ણ ને મેઘની ધાર રે, સહ્યું સર્વે શરીર મોઝાર રે;
એમ તપ કરે વનમાંય રે, અતિ ધીરજ્ય પર્વતપ્રાય રે...૪૧

એવા યોગી મોટા જે દયાળ રે, જોઈ પાસે વસ્યા પશુપાળ રે;
વસ્યા ગાયો તણા ઘોષ કરી રે, ત્યાં તો કેડ્યે પડિયા કેસરી રે...૪૨

નિત્ય કરે તે ગાયોની ઘાત રે, તેની કહી યોગી આગે વાત રે;
કહે ગોવાળ અમે અનાથ રે, અમારે છે એ ગાયો મિરાથ રે...૪૩

તેને વાઘ કરશે જો નાશ રે, ત્યારે અમારે સઈ ગુંજાશ રે;
એવી સાંભળી દીનતા વાણી રે, બોલ્યા યોગી તેને દુઃખી જાણી રે...૪૪

કહે મા બિયો તમે ગોવાળ રે, કરશે હરિ સહુની રખવાળ રે;
એમ કહી લીધો શંખ હાથે રે, વજાડિયો છે તે યોગીનાથે રે...૪૫

જેટલામાં સંભળાણો શબ્દ રે, ભાગ્યાં હિંસક મૂકી એ હદ રે;
વળી યાં વસતા'તા જે વાઘ રે, તેણે પણ કર્યું વન ત્યાગ રે...૪૬

રહ્યા સુખે ગાયો ને ગોવાળ રે, પ્રભુ ગૌબ્રાહ્મણ પ્રતિપાળ રે;
રહ્યા કાંઈક પોતે પછી ત્યાંય રે, વાંચે ગીતાનો બીજો અધ્યાય રે...૪૭

પછી આત્માનું શુદ્ધ સ્વરૂપ રે, નિશ્ચે કરિયું જેવું છે રૂપ રે;
પ્રત્યાહાર કરી મહામતિ રે, ઈન્દ્રિ પ્રાણ અંતઃકરણ વૃત્તિ રે...૪૮

તેને આત્મામાં વાળી લીધી રે, પછી ધીરજે ધારણા કીધી રે;
એમ કેટલાક કાળ ગયા રે, આતમાને વિષે સ્થિર રહ્યા રે...૪૯

ધ્યાનયોગ તેની જે સમાધિ રે, તેની પક્વ દશા અતિ સાધી રે;
કહ્યું એમ યોગીને જીવને રે, એવી ક્રિયાઓ કરે છે વને રે...૫૦

*ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિ ગોપાળયોગીને મળ્યા એ નામે ત્રીસમું પ્રકરણમ્ ॥૩૦॥*

**પૂર્વછાયો :**

વળી કહું એક વારતા, સુણો સહુ થઈ સાવધાન;
કૃપાનિધિ કૃષ્ણદેવનાં, કહું ચરિત્ર અમૃત સમાન...૦૧

નાથ પ્રતાપે નિજ આતમા, દેખે અખંડ રૂપ અનુપ;
તેની બ્રહ્મ સાથે કરી એકતા, પછી થયા બ્રહ્મસ્વરૂપ...૦૨

એવા યોગને શીખિયા, ગોપાળ યોગી જેહ;
સ્નેહે કરી શ્રીહરિએ, તેને શીખવિયું છે તેહ...૦૩

તેણે કરી તર્ત થયા, યોગી તે બ્રહ્મસ્વરૂપ;
અતિ પ્રકાશક આતમા, તેહ જાણ્યું પોતાનું રૂપ...૦૪

**ચોપાઈ :**

પછી યોગીને જણાણું એમ, આને મનુષ્ય કહેવાય કેમ;
થયું જ્ઞાન યથારથ જ્યારે, બોલ્યા ગોપાળયોગી તે વારે...૦૫

નરનારાયણ ઋષિરાય, થઈ બ્રહ્મચારી આવ્યા આંય;
બહુ જીવનાં કરવા કાજ, આપે પ્રકટ થયા મહારાજ...૦૬

એમ નિશ્ચે કર્યો નિરધાર, નારાયણ તે આ બ્રહ્મચાર;
એવા જાણી પછી ધર્યું ધ્યાન, ચોંટી વૃત્તિ મૂર્તિમાં એક તાન...૦૭

તેણે વીસરિયો નિજ દેહ, થયો મૂર્તિમાં અતિ સનેહ;
જાણ્યું આપ મળ્યું સુખ મોટું, બીજું સરવે લાગ્યું છે ખોટું...૦૮

એવા મોટા યોગી જે ગોપાળ, તે તો ભૂલ્યા દેહ થોડે કાળ;
અતિ વિસ્મૃતિ થઈ જ્યારે, મૂક્યો માયિક દેહને ત્યારે...૦૯

પછી શ્રીકૃષ્ણદેવ પ્રતાપે, ગયા ગોલોકમાં યોગી આપે;
પછી બ્રહ્મચારી નીલકંઠે, કરી ક્રિયા તેની રૂડી પેઠ્યે...૧૦

પછી મૂકી પોતે એહ સ્થાન, ચાલ્યા પૂરવમાં ભગવાન;
રહી અખંડ બ્રહ્મસ્વરૂપ, ચાલ્યા આપે આપ બ્રહ્મરૂપ...૧૧

નાસાગ્ર દષ્ટિ કરીને સ્થિર, ચાલ્યા જેમ કમાનનો તીર;
કૃષ્ણ માંહી છે દષ્ટિ અખંડ, નથી દેખતા પિંડ-બ્રહ્માંડ...૧૨

દિશ વિના નથી બીજો રાહ, ગયા ત્યાં થકી આદિવરાહ;
તિયાં ત્રણ દિવસ પોતે રહ્યા, ત્યાંના વાસીને દર્શન થયાં...૧૩

નીર્ખી આનંદ પામિયાં અતિ, જાણું આવ્યા શું આ બૃહસ્પતિ;
એમ જનને આનંદ આલી, પછી ત્યાં થકી નીસર્યા ચાલી...૧૪

ગયા વંગ દેશમાં દયાળ, આવ્યું સીરપુર શહેર વિશાળ;
સિદ્ધવલ્લભ તેનો છે રાયે, ગયા પોતે ત્યાં અણઈચ્છાયે...૧૫

તે નરેશે પ્રાર્થના કરી, રાખ્યા ચોમાસું ત્યાં ભાવ ભરી;
દીઠા અતિ ત્યાગી એકાએક, રાખ્યો પાસળે એક સેવક...૧૬

તેનું નામ છે ગોપાળદાસ, કરે ટેલ્ય રહે નિત્ય પાસ;
તિયાં બીજા ભેખધારી બહુ, રાખ્યા ચોમાસું કરવા સહુ...૧૭

તે તમોગુણી મંત્ર અધ્યાસી, સર્વે ક્ષુદ્ર દેવના ઉપાસી;
તેના જૂજવા જૂજવા વેશ, કોઈ મૂંડેલ કેનેક કેશ...૧૮

કોઈ નાગા કોઈને કૌપીન, કોઈ ન રાખે વસ્ત્ર નવીન;
તેમાં સોએક તપસ્વી સઈ, તે તો બેસે તડકામાં જઈ...૧૯

કોઈ વર્ણી ને કોઈ સંન્યાસી, કોઈ હંસ ને કોઈ ઉદાસી;
કોઈ કહે મુખે કાળી કાળી, કોઈ કહે તું બેચરાવાળી...૨૦

કોઈ ભૈરવ ભૈરવ રહ્યા ભણી, કોઈ ભજે ભવાની જોગણી;
કોઈ મુનિ ને કોઈક બોલે, કોઈ અહોનિશ આંખ્ય ન ખોલે...૨૧

કૈંક ખાખી કૈંક હુડધંગા, એમ મળ્યા બહુ અડબંગા;
થયા સિદ્ધ ભૂંશી બહુ શેલી, ભંગી જંગી ભેળા થયા ફેલી...૨૨

તેને રાજા જાણી મોટા સિદ્ધ, આપે રસોઈયો રૂડી વિદ્ધ;
આસન સારું આપી ગાદલાં, કરે સનમાન રાજા ભલાં...૨૩

ત્યારે યોગી બોલે બળે બહુ, કરે વાત સિદ્ધાઈની સહુ;
એમ કરતાં આવ્યો વરસાત, વાયો વાયુ થયો ઉતપાત...૨૪

ખવે વીજળી વારમવાર, વરસે મેઘ તે મુશળધાર;
ગરજે ઘોર ને કડાકા કરે, ઉપરે જળ અખંડ ઝરે...૨૫

એવી અખંડ મંડાણી એલી, ચાલ્યાં પૃથવીએ પૂર રેલી;
તેમાં પોઢી રહ્યા પોતે નાથ, તન પર ચડી રેતી હાથ...૨૬

પછી સેવક આવી સવારે, કાઢ્યા કાદવ માંહીથી બારે;
વર્ષે મેઘ મચી બહુ ઝડી, આંખ્ય ઊઘડે નહિ એક ઘડી...૨૭

એમ ચારે માસ વૂઠો ઘન, પહોંચે સિદ્ધાઈ કેટલા દન;
અતિ વર્ષાતે અસોયા થયા, પછી રાત્યે રાત્યે ભાગી ગયા...૨૮

ધીરે ધીરે સિદ્ધ ગયા નાસી, કરવા લાગ્યા લોક તેની હાંસી;
કહે મોટા સિદ્ધ ગયા ચાલી, આ જો પડ્યાં છે આસન ખાલી...૨૯

એક બેઠા રહ્યા બ્રહ્મચારી, તેને જોઈ નમ્યાં નરનારી;
કહે સિદ્ધ તો આ એક ખરા, બીજા દંભી ભાગી ગયા પરા...૩૦

રાજા નમ્યો જાણી હરિ મોટા, બીજા સર્વેને જાણ્યા છે ખોટા;
વાધ્યું પ્રભુજીનું બહુ માન, બીજાનું ન કરે સનમાન...૩૧

તેણે કરી બળ્યા બીજા બહુ, આવ્યા મળી મારવાને સહુ;
નાખી અડદ મંતરી મૂઠું, પડ્યું જે જે કર્યું તે તે જૂઠું...૩૨

પછી સેવક હતો જે પાસ, કરતો સેવા જે ગોપાળદાસ;
તેને માથે નાંખી એણે મૂઠ્ય, પડ્યો ભૂમિએ ન ફેરે પૂંઠ્ય...૩૩

આવ્યું મોઢે ફીણ તેને જોઈ, નહિ જીવે કહે સહુ કોઈ;
પછી રાજાએ સિદ્ધ બોલાવી, કહ્યું આને લેવો જ ઉઠાવી...૩૪

ત્યારે સિદ્ધને છે મરડ ભારી, કહ્યું જીવાડશે બ્રહ્મચારી;
ત્યારે રાયે જોડ્યા આવી હાથ, કહ્યું આને જીવાડિયે નાથ...૩૫

પછી હરિ તેની પાસે જઈ, ઉઠાડ્યો શ્રીકૃષ્ણ મંત્ર કઈ;
ઊઠ્યો તર્ત લાગી નહિ વાર, પામ્યાં વિસ્મય સહુ નરનાર...૩૬

કહે આ તો છે પોતે શ્રીકૃષ્ણ, મોટાં ભાગ્ય થયાં એનાં દ્રષ્ણ;
વળી એમ કહે નરનારી, કૃષ્ણ નહિ તો કૃષ્ણભક્ત ભારી...૩૭

પછી મૂઠ્ય નાખીતી જે સિદ્ધે, પડી તેને માથે ભલી વિધ્યે;
પડ્યો પડાક પૃથવી માંઈ, મુખમાં ગઈ ધૂડ્ય ભરાઈ...૩૮

આવ્યું મોઢે ફીણ ફાટ્યું ડાચું, થયું જીવ્યાની કોરનું કાચું;
પછી તેણે તેના સિદ્ધ લાવી, કર્યા ઉપાય બહુ બોલાવી...૩૯

તેણે ફેર પડ્યો નહિ રતી, ત્યારે કરી હરિને વિનતી;
પછી નાથ તેની પાસ આવી, કહી મંત્ર ને લીધો જીવાવી...૪૦

ત્યારે સિદ્ધ રાજા સહુ મળી, કરી સ્તુતિ હરિજીની વળી;
જાણ્યા રાજાએ મોટા છે સરે, થયો પરિવાર સહિત આશરે...૪૧

જે જે હતો એ સિદ્ધનો વર્તા, મૂઠ્ય નાખી બાળી પેટ ભર્તા;
તે તો નીલકંઠે ભાંગ્યો ભય, થયાં મનુષ્ય સહુ નિરભય...૪૨

લાવી વસ્ત્ર ધન આગે ધરે, હરિ ત્યાગી છે તેને શું કરે;
એટલાકમાં વિપ્ર તૈલંગ, આવ્યો નારી સુત લઈ સંગ...૪૩

ભણ્યો વેદ શાસ્ત્ર ને પુરાણ, પ્રસિદ્ધ વિપ્ર પૃથ્વી પ્રમાણ;
આવ્યો સિદ્ધવલભરાય પાસ, મને દાન લેવાની છે આશ...૪૪

પછી તે રાજા છે ધર્મવાન, આપ્યું ભણ્યો જાણી ભારે દાન;
આપ્યો હસ્તિ ને કાળપુરુષ, લેતાં વિપ્ર થયો કાળો મષ...૪૫

ગૌર મટીને થયો છે શ્યામ, ત્યારે નિંદા કરવા લાગ્યું ગામ;
પછી હરિ પાસે વિપ્ર આવી, અતિ દીનતાએ વાણી કાવી...૪૬

હે મહારાજ હું તો હતો દુઃખી, દાન લઈ થવા ગયો સુખી;
ત્યાં તો સામું દુઃખ થયું ઘણું, હવે શું માહાત્મ્ય જીવ્યા તણું...૪૭

માટે ત્યાગીશ હું હવે તન, થાય તો તમે કરો જતન;
પછી દુઃખી વિપ્ર હરિ જાણી, દયાળે દયા એ પર આણી...૪૮

કહ્યો શ્રીકૃષ્ણનો મંત્ર કાને, મટી શ્યામ થયો ગૌર વાને;
પછી બ્રાહ્મણ લાગિયો પાય, કહ્યું રહ્યો હું મન્યખામાંય...૪૯

પછી ગાતો પ્રભુજીના ગુણ, ગયો દેશ પોતાને બ્રાહ્મણ;
એવા પ્રભુજી બહુ પ્રતાપી, કર્યા સુખી બહુ દુઃખ કાપી...૫૦

ત્યાગ વૈરાગ્ય ઉરમાં અતિ, સહુ પર વર્તે મહામતિ;
એમ કરતાં ગયું ચોમાસું, આવ્યો કાર્તિક ઊતર્યો આસુ...૫૧

પછી હરિ ને બીજા જે સિદ્ધ, તેને પૂજ્યા નૃપે બહુ વિધ;
પછી ચાલ્યા છે ત્યાં થકી સહુ, હરિ સંગે બીજા સિદ્ધ બહુ...૫૨

આવ્યા કામાક્ષી દેવીની ઝાડીએ, ઊતર્યા સિદ્ધ સહુ વાડીએ;
પછી રસોઈ કરવા કાજ, કર્યો ભેળો સરવે સમાજ...૫૩

તેને સમીપે છે એક ગામ, વસે દ્વિજ ત્યાં પિબેક નામ;
સિદ્ધ મંડળ આવ્યું સાંભળી, ઊઠ્યો તર્ત તિયાં થકી બળી...૫૪

કહે સિદ્ધાઈ એની ચૂંથી નાખું, કરી ગુલામ ને ઘેર રાખું;
જોજ્યો માતાજીએ કરી મેર, આવ્યાં વણગોત્યાં પશુ ઘેર...૫૫

*ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્ર નામે એકત્રીસમું પ્રકરણમ્ ॥૩૧॥*

**પૂર્વછાયો :**

શુભમતિ સહુ સાંભળો, હરિકથા કહું અનુપ;
દુષ્ટને દુ:ખદાયી છે, છે સંતને સુખરૂપ...૦૧

અસુર જે અવનિ રહ્યા, બદલાવીને બીજો વેશ;
તેને તે અર્થે શ્રીહરિ, ફરે છે દેશ પ્રદેશ...૦૨

જે કારણ અવતાર છે, તે કરવા થયા છે તૈયાર;
હરિ ઈચ્છાએ આવિયા, પ્રભુ એહ વાડી મોઝાર...૦૩

પિબેક ત્યાં પરિયાણિયો, કરવા તે સિદ્ધોની ઘાત;
નિદાન તેમાંથી જે નીપજ્યું, તેની સાંભળજ્યો સહુ વાત...૦૪

**ચોપાઈ :**

હતો બ્રાહ્મણ મોરે એ શુદ્ધ, મળી વામીએ કર્યો અશુદ્ધ;
કૌલાર્ણવ ભણેલે ભૂદેવે, મળી ભ્રષ્ટ કર્યો તતખેવે...૦૫

થયો કાળીઉપાસક ભારી, નિત્ય પ્રત્યે પીવે કુલવારિ;
વળી સિદ્ધને જીતવા કાજ, તે દી સજ્યો સરવે સમાજ...૦૬

મદ્ય માંસ ખાઈ થયો મસ્ત, તીખું ત્રિશૂળ લીધું છે હસ્ત;
કર્યો સિંદૂર લેપ લલાટે, ચાલ્યો સિદ્ધને જીતવા માટે...૦૭

રજે ભીંજેલ કુંકુમ લઈ, ચાલ્યો કપાળે ચાંદલો દઈ;
વળી કુલવારિ ખૂબ પીધું, વધ્યું તે શરીરે છાંટી લીધું...૦૮

ચાલ્યો મત્સ્ય ચાવી મદમાતો, શીશે બાંધ્યો છે પટકો રાતો;
માથે ઘણા ઘૂંચાણા મુવાળા, તે દીસે છે ભૂંડા ભમરાળા...૦૯

સિદ્ધ પ્રસિદ્ધ પોતે કહેવાય, તેને જાણે સહુ દેશ માંય;
કોઈ સામું આવીને ન ભાખે, ભાખે જો કોઈ તો મારી નાખે...૧૦

એવો ભૂંડાયે ભર્યો અપાર, મદ્ય ચાર વારનો પીનાર;
કંઠે બાંધ્યા છે અસ્થિ માંજાર, થયો સિદ્ધ જીતવા તૈયાર...૧૧

નરનારી જે રહે ગામ વાસે, સંગે લઈ આવ્યો સિદ્ધને પાસે;
વળતો આવીને બોલિયો એમ, પાખંડિયો સિદ્ધ કાવો કેમ...૧૨

સિદ્ધ તો એક હું છઉં આજ, તમ જેવા તો છે મારું ખાજ;
મોટા મોટાને મેં જીતી લીધા, તમ જેવા શિષ્ય કઈ કીધા...૧૩

જે જે આવીને મને નમિયા, તે તે સરવે જીવતા રિયા;
જેણે જેણે બાંધી મુજ સાથે, તેને માર્યા મૂકી વીર માથે...૧૪

માટે તમે મનમાં વિચારી, થાઓ શિષ્ય માળાઓ ઉતારી;
ઉતારો ઉપવીત અચિર, નહિ તો હમણાં હોંકારું છું વીર...૧૫

ભૂત પ્રેત લાવી સંગે ઘણાં, ખાઈ જાશે માંસ તમ તણાં;
એમ બોલ્યો એ બળમાં બહુ, બીના હરિ વિના સિદ્ધ સહુ...૧૬

કહે જેમ એ કહે તેમ કરીએ, તો આવ્યા મોતમાંથી ઊગરીએ;
નહિ તો મારશે વીરને મેલી, માટે મેલીએ માળા સંકેલી...૧૭

મેલો જનોઈ પણ ઉતારી, એમ સહુ સિદ્ધે વાત વિચારી;
ત્યારે હરિએ સિદ્ધ પ્રત્યે કહ્યું, રાખો ધીરજ હાકલી હૈયું...૧૮

કરે શિષ્ય મોરે મર મને, પછી થાવું તમારે સહુને;
તોય સિદ્ધે ધીરજ ન ધારી, કહ્યું નાખશે તમને મારી...૧૯

મહાદુષ્ટ એ પાપી છે બહુ, એને અમે જાણું છઉં સહુ;
એવી સિદ્ધ હરિની જે વાણી, સુણી બોલ્યો અતિ ક્રોધ આણી...૨૦

ત્યારે પિબેક કહે બ્રહ્મચારી, તને દેખાડું સામર્થી મારી;
જો તું આ લીલા વડના હાલ, હમણાં કરું છું સૂકવી સાલ...૨૧

એમ કહી નાખી મૂઠ જ્યારે, વડ સૂકી ગયો તેહ વારે;
કહે માન્ય વર્ણી વાત મારી, નહિ તો આ ગતિ જાણજે તારી...૨૨

ત્યારે હરિ કહે ન બિયું અમે, કરવું હોય તે કરો સુખે તમે;
એમ કહીને વીર આસને, બેઠા હરિ તે અચળ મને...૨૩

બીજાની તો ધીરજ ન રઈ, બેઠા કૃષ્ણ કેડે કંપે જઈ;
પછી પિબેકે અડદ મંતરી, નાખ્યા હરિ ઉપર રીસ કરી...૨૪

તેણે હરિને ન થયું કાંઈ, ત્યારે દ્વિજ કોપ્યો મન માંઈ;
કહે રહેજે ખબડદાર થઈ, આજ માર્યા વિના મૂકું નઈ...૨૫

એમ કહી નાખી મૂઠ એણે, ફેર પડ્યો નહિ કાંઈ તેણે;
ત્યારે પિબેકે પણ એ લીધું, તને માર્યાનું નિશ્ચે મેં કીધું...૨૬

કરવું હોય તે કર સ્મરણ, આજ આવ્યું તારું ચાલી મરણ;
નાખું છું કાળભૈરવની મૂઠું, તારા જીવવાનું જાણે જૂઠું...૨૭

ત્યારે હરિ કહે બેઠો છું હું જ, કરવું હોય તે કરને તું જ;
ત્યારે મૂક્યા છે ભૈરવ વીર, તોયે હરિ બેઠા રહ્યા સ્થિર...૨૮

આવ્યા ભૈરવ ને વીર દોઈ, તે તો સામું શક્યા નહિ જોઈ;
પાછા પિબેક ઉપર પડ્યા, ઊલટા નાખતલને નડ્યા...૨૯

પડ્યો કાળી ઉપાસક ઢળી, ચાલ્યું મુખેથી લોહી નીકળી;
આવી મૂરછા ન રહી શુદ્ધ, પડ્યો અવનીએ ઊંધમુંદ્ધ...૩૦

પછી મોડેથી મૂરછા વળી, ઊઠી બોલ્યો છે વળમાં વળી;
કહ્યું ઊભો રહેજે બ્રહ્મચારી, મેલું બટુભૈરવ નાખે મારી...૩૧

ત્યારે હરિ કહે મોકલો સુખે, મૂક્યા બટુવીરને વિમુખે;
તે તો બીને પાછા વળી ગિયા, પાછા પિબેકને વળગિયા...૩૨

નાખ્યો ભૂમિએ પાડી પડાક, ધ્રૂજી ધરણીએ પડ્યો ધડાક;
વળી તડી તડફડી ઊઠ્યો, બોલ્યો પ્રભુજી ઉપર રૂઠ્યો...૩૩

કહે મૂકું છું વીર મહાકાળી, તને નહિ મારે બીજા એ ટાળી;
એમ કહીને તેને મૂકિયા, તે તો હરિ પાસે ન આવિયા...૩૪

પાછા ફરીને લાગિયા એને, ઢાળી પાડિયો ભૂમિએ તેને;
થયો અસોયો ન રહી શુદ્ધ, તોય વામી ન મૂકે વિરુદ્ધ...૩૫

પડી પહોર ઊઠી ઊભો થયો, વળી પ્રભુજીને કહેવા રહ્યો;
કહે છે ઊભો રહેજે બ્રહ્મચારી, હવે કરું છું વલે હું તારી...૩૬

બહુ વીર સહિત હનુમંત, મૂકું તેને કરે તારો અંત;
એમ કહીને મૂક્યા તે વાર, આવી તેણે કર્યો નમસ્કાર...૩૭

કરી પ્રણિપત પાછા ગિયા, બહુ પિબેક પર કોપિયા;
આવી વળગ્યા તે વિપ્રને સહુ, પડ્યો વિપ્ર ભૂંડે હાલે બહુ...૩૮

ફાટ્યું મોઢું ને આવિયું ફીણ, પડી અંગની નાડિયો ક્ષીણ;
માથું ગરી ગયું મહી માંઈ, મુખમાં ગઈ ધૂડ્ય ભરાઈ...૩૯

પડ્યો ભેચક થઈ રીત્ય ભૂંડી, આંખ્યો ઊતરી ગઈ ઊંડી;
નાક મુખમાંથી લોહી વહ્યું, પછી ઊઠવા જેવું ન રહ્યું...૪૦

ત્યારે તેના સંબંધી સહુ મળી, લાગ્યા પાય પ્રભુજીને લળી;
કહે દયા કરો એને હરિ, હવે નહિ કરે એ આવું ફરી...૪૧

માગતો હતો તે ફળ મળ્યું, મહા અહંકારીનું માન ગળ્યું;
પછી પ્રભુએ તેને ઉઠાડ્યો, ઊઠી વિપ્ર પ્રભુ પગે પડ્યો...૪૨

કર્યા દંડવત બહુ વાર, કહે આવ્યો નવે અવતાર;
પછી સિદ્ધ હતા તેને જોઈ, આપી બ્રાહ્મણે તેને રસોઈ...૪૩

એમ કરી ગયો ઘેર જ્યારે, મન રહ્યું નહીં એવું ત્યારે;
પૂજ્યો કાળભૈરવને જઈ, મદ્ય માંસ બલીદાન દઈ...૪૪

મૂક્યો હરિ માથે તતકાળ, આવ્યો ભયંકર વિકરાળ;
ભૂંડું મુખ તે ભર્યું રુધિરે, લાંબો ને નથી વસ્ત્ર શરીરે...૪૫

આંખ્યું રાતી અતિ કાળો શાહી, લીધું ત્રિશૂળ તે કર માંહી;
એવે રૂપે પ્રભુ પાસે આવ્યો, પણ આવીને કાંઈ ન ફાવ્યો...૪૬

છેટે બેસી રહ્યો આખી રાત્ય, હરિ હસ્યા જોઈ પરભાત્ય;
પછી નાવા ચાલ્યા જ્યારે હરિ, ત્યારે એના સામી દૃષ્ટિ કરી...૪૭

ત્યારે થરથર ધ્રૂજીને ભાગ્યો, જઈ પિબેકની કેડે લાગ્યો;
કહે આજ નિશ્ચે એને મારું, ત્યારે પ્રભુજીએ કર્યું વારું...૪૮

કહે એનું ખાધું સિદ્ધે અન્ન, તેની તારે કરવી જતન;
પછી બ્રાહ્મણ પાસે ભૈરવ, જઈ કહી છે વાત સરવ...૪૯

આજ મૃત્યુ કરવું'તું તારું, પણ વર્ણીએ કર્યું છે વારું;
એમ કહીને ભૈરવ ગિયો, દ્વિજ પ્રભુની પાસે આવિયો...૫૦

જાણી ઈશ્વર નામિયું શીશ, કહે કરજ્યો ગુના બક્ષિસ;
એમ કહીને વારંવાર, કરે બહુ પોતાને ધિક્કાર...૫૧

કહે ભણી ગણી ભજ્યાં ભૂત, કર્યાં બહુ ભૂંડાં કરતૂત;
કર્યાં કુકર્મ તજી આચાર, એવો પાપી હું તેને ધિક્કાર...૫૨

એમ કહી ગ્રહ્યું હરિચરણ, પ્રભુ આવ્યો હું તમારે શરણ;
એમ કહીને થયો છે શિષ્ય, જાણી મહારાજને જગદીશ...૫૩

ધાર્યો પ્રથમના જેવો ધર્મ, મૂક્યાં બીજાં જે કરવા કુકર્મ;
કૌલાર્ણવાદિ ગ્રંથ સંભાળી, શાસ્ત્ર બાહ્ય જાણી દીધાં બાળી...૫૪

ભાગવતગીતા પછી ભણ્યો, સાચો ભક્ત શ્રીકૃષ્ણનો બણ્યો;
એવું ચરિત્ર કરી દયાળ, પછી ત્યાંથી ચાલ્યા તતકાળ...૫૫

હતા સિદ્ધ તેને શીખ દીધી, પોતે વાટ નવલખાની લીધી;
મનુષ્યાકૃતિ સામર્થી અપાર, ધન્ય જનમોદન ભંડાર...૫૬

*ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્ર નામે બત્રીસમું પ્રકરણમ્ ॥૩૨॥*

**પૂર્વછાયો :**

બહુનામી કૃષ્ણદેવનાં, સુણો ચરિત્ર સર્વે રસાળ;
ભક્ત અભક્ત કારણે, ફરે હદ્દ બેહદ્દે દયાળ...૦૧

સંતને સુખ આપવા, દેવા દુષ્ટજનને દંડ;
તે જ કારણ પ્રભુએ, પૃથવીએ ધર્યું છે પંડ...૦૨

જિયાં જિયાં જાવું ઘટે, તિયાં તિયાં જાય જરૂર;
સુખ દુઃખ ભૂખ પ્યાસનું, નથી ગણતા નિકટ દૂર...૦૩

પછી એકાએક ચાલિયા, મહા વિકટ અદ્રિ માંય;
નવ લાખ યોગીને નીરખવા, ચાલ્યા પ્રભુજી બહુ ઉછાય...૦૪

**ચોપાઈ :**

ચાલ્યા પર્વત પેખવા હરિ, આવ્યો અતિ વસમો અદરિ;
જાવા વાટ જડે નહિ જિયાં, જાવું જરૂર પોતાને તિયાં...૦૫

જાતાં એ દિશે મનુષ્યે વાર્યું, પણ કર્યું છે પોતાનું ધાર્યું;
ચડ્યા પર્વત ઉપર પોતે, ચાલ્યા શૈલ તણી શોભા જોતે...૦૬

આવી નવ લાખ ધૂણી રૂપાળી, તે તો સહેજે બળે વણબાળી;
તિયાં કુંડ દીઠા છે અપાર, ભર્યા જળ અમળ તે મોઝાર...૦૭

ક્યાંક ટાઢાં જળ ક્યાંક ઊનાં, એમ બહુ કુંડ દીઠા નીરુના;
પછી ત્યાંના રહેનારા જે સિદ્ધ, મળ્યા તે પણ આવી પ્રસિદ્ધ...૦૮

જેની કોઈને ભેટ ન હોય, મર મોટા મુક્ત યોગી હોય;
તેને સહુને મળ્યા એક વાર, કર્યા પરસ્પર નમસ્કાર...૦૯

પછી પ્રેમે બેઠા સહુ પાસ, પૂછ્યો યોગીને યોગ અભ્યાસ;
કહ્યું તેણે તેનું વરતંત, સુણી હરિ હરખ્યા અત્યંત...૧૦

કહ્યું સિદ્ધને છો ધન્ય ધન્ય, એમ કહી રહ્યા ત્રણ્ય દન;
આપી આનંદ ત્યાંથી ઊતર્યા, ચાલ્યા હરિ બહુ મોદ ભર્યા...૧૧

નવ લાખ યોગીને નીરખી, ચાલ્યા હસ્તિ મારગે હરખી;
ત્યાંથી શુદ્ધ ઉત્તરમાં વળી, રહ્યો રામકોટ જળમળી...૧૨

તિયાં જાવાનું કીધું છે મન, પણ ત્યાં તો ન ગયા જીવન;
જોતાં વન પર્વત વિશાળ, ગયા બાલવા કુંડે દયાળ...૧૩

જોયો કુંડ એ જુગતે કરી, ત્રણ રીત્યને રહ્યો તે ધરી;
વાયુ અગ્નિ જળ ત્રણ્ય મળી, તેના સમૂહ રહ્યા નીકળી...૧૪

તિયાં રહ્યા પોતે ત્રણ્ય દન, પછી ત્યાંથી ચાલ્યા ભગવન;
કર્યો અગ્નિ ખૂણે પરવેશ, ચાલ્યા જોતાં જોતાં સર્વે દેશ...૧૫

ગયા ગંગાસિંધુને સંગમે, નાયા તેમાં પોતે જઈ સમે;
રહ્યા ત્રણ્ય દિવસ તિયાં હરિ, ચાલ્યા સમુદ્ર ખાડી ઊતરી...૧૬

આવ્યા કપિલજીને આશ્રમે, જેહ જાયગા સહુને ગમે;
ચારે કોરે શોભે સમુદર, મધ્યે આશ્રમ અતિ સુંદર...૧૭

સાંખ્યશાસ્ત્રના આચાર્ય જેહ, તેના ગુરુ કપિલજી તેહ;
કરે છે તપ પોતે સમર્થ, સર્વે જીવના કલ્યાણ અર્થ...૧૮

જ્ઞાન વૈરાગ્ય ભક્તિ ને ધર્મ, યોગ સહિત પાંચ જે પર્મ;
તેના સ્થાપનના કરનાર, એવા કપિલના કર્યા દેદાર...૧૯

રહ્યા ભક્તિસુત તિયાં માસ, પછી ત્યાંથી ચાલ્યા અવિનાશ;
આવ્યા પુરુષોત્તમપુરી માંઈ, નીરખ્યા જગન્નાથજીને ત્યાંઈ...૨૦

પછી રહ્યા પોતે એહ ઠામ, કાંઈક ધાર્યું છે કરવું કામ;
નાય સમુદ્રમાં જઈ નિત્યે, નીરખી જગન્નાથજીને પ્રીત્યે...૨૧

કર્યું આસન શહેરથી બારું, ઈન્દ્રદ્યુમ્ન સર જોઈ સારું;
તિયાં દીઠા છે અસુર ઘણા, વેષ લઈ સિદ્ધ સાધુ તણા...૨૨

કામ ક્રોધ ને મત્સર અતિ, માંહોમાંહી છે વૈરની મતિ;
ધર્મદ્વેષી કપટી ને કામી, વેશ શૈવી વૈષ્ણવી ને વામી...૨૩

મંત્ર જંત્ર જાણે છે અપાર, તેણે વશ કર્યાં નરનાર;
મુકાવી વર્ણાશ્રમનો ધર્મ, કર્યાં ભ્રષ્ટ બગાડી બેશર્મ...૨૪

મોટા મોટા સાધુ સેવાફળ, કહી દેખાડે નારી આગળ;
એમ કહીને ધર્મથી પાડે, સાધુનિંદાનું પાપ દેખાડે...૨૫

એવા અધર્મે ભર્યા અપાર, દીઠા હરિએ હજારોહજાર;
ધર્યાં હાથે તીખાં હથિયાર, લીધા ધોકા છરા ને કટાર...૨૬

ખડ્ગ ખાંડાં લાકડી લુવાગ્યું, કર કમાન્યું સલકે સાંગ્યું;
બહુ બંધૂકું ને કોક બાણ, ચક્ર ચીપિયા લીધા છે પાણ...૨૭

પર્શુ ત્રિશૂળ બરછિયો લઈ, જંજાળ્યો આદ્યે શસ્ત્ર છે કઈ;
અતિ શૂરા ઈચ્છે નિત્ય યુધ, કેટલાક ન રાખે આયુધ...૨૮

કેટલાક ત્યાગી તપ કરતા, કેટલાક સૌમ્ય વેશ ધરતા;
કૌલાર્ણવ ગ્રંથ વાંચે નિત્યે, પૂજે શક્તિ ભૈરવને પ્રીત્યે...૨૯

એવા દીઠા છે નાથે અપાર, મહા પાપરૂપ ભૂમિભાર;
તિયાં રહ્યા પોતે અવિનાશ, કરવા એવા અસુરનો નાશ...૩૦

પણ પોતાથી ન થાયે રતી, કાં જે રાખે છે અહિંસાવૃત્તિ;
બેસી રહ્યા વિચારી એ વિધ, ત્યારે લોકે જાણ્યા છે આ સિદ્ધ...૩૧

એમ જાણીને પૂછે જે જેહ, કહે હરિ થાય તેમ તેહ;
ત્યારે લોકને આવી પ્રતીત્ય, લાવે અન્ન વસ્ત્ર દ્રવ્ય નિત્ય...૩૨

તેહ માંયલું કાંઈ ન લિયે, ભૂત ભવિષ્યનું કહી દિયે;
એમ કરતાં તે એક દન, આવ્યા પાસળે અસુર જન...૩૩

કહે કર્ય અમારું તું કાજ, લાવ્ય જળ ઈંધણાં સમાજ;
દઈ ડારો ને બહુ ડરાવ્યા, ન કરવાનાં કામ કરાવ્યાં...૩૪

કરે કામ જડભરત જેમ, ત્યારે બીજા કે' મ કરો એમ;
તૈયે તેશું બોલ્યા ક્રોધ કરી, એનો પક્ષ મેલો પરહરી...૩૫

એમ વદતાં પડ્યો વિરોધ, માંહોમાંહી ઊપન્યો કરોધ;
પછી તેમાં પડ્યાં તડ બેહુ, નિંદા પરસ્પર કરે તેહુ...૩૬

એમ કરતાં બંધાણું વેર, ઈચ્છ્યા મારવા નહિ જેને મેર;
પ્રથમ તો બોલી ઠોલી થઈ, પછી ઊઠ્યા લઠા મોટા લઈ...૩૭

લીધી લડવા પહેલી લાકડી, તે તો પરસ્પર બહુ પડી;
પછી લીધાં ખાંડાં કરમાંય, આવ્યા સામસામા મળી ધાય...૩૮

નાખે બર્છિયો બહુ સામસામી, ચાલે લુવાગ્યું ન રહે ખામી;
સલકે સાંગ્ય ને સણેણે તીર, લડે માંહોમાંહે શૂરવીર...૩૯

કરે પર્શુના બહુ પ્રહાર, નાખે ધોકા છરા ને કટાર;
તીખાં ત્રિશૂળ ચાલે ત્યાં ઘણાં, કરે ઘા ચક્ર ચીપિયા તણા...૪૦

બંધૂકો જંજાળ્યો કોક બાણ, નાખે માંહોમાંહે અસુરાણ;
એમ જોરે મંડાણું છે યુદ્ધ, પામ્યા ત્રાસ આકાશે વિબુધ...૪૧

વાજે ઢોલ નગારાં જુજાર્યો, ચાલે સામસામી તરવાર્યો;
તુરી રણશિંગાં બોલે શંખ, પડે પાપીનાં માથાં અસંખ્ય...૪૨

મચ્યો યુદ્ધ રહી નહિ મણાં, પડ્યાં પૃથિવીએ ધડ ઘણાં;
તેને દેખી હરખ્યાં માંસારી, કહે ખાશું આજ ખૂબ કરી...૪૩

ભૂત પ્રેત ને આવ્યા ભૈરવ, પિશાચ યક્ષ રાક્ષસ સર્વ;
ડાકણી સાકણી ને જોગણી, આવી ભૂખી ભૈરવિયો ઘણી...૪૪

કંક કાગ ને વળી કૂતરા, થઈ ગૃધ્ર શિયાળ ને સરા;
પડ્યાં માથાં પૃથ્વી પર રડે, જાણ્યું દૈત્ય રમી ગયા દડે...૪૫

કૈંકના હાથ પગ કપાણા, કૈંક નાસી ભાગીને છપાણા;
એમ યુદ્ધ થયું બહુ પેર, દશ સહસ્ર ગયા યમઘેર...૪૬

એટલા તો ઈયાં તળ રહ્યા, બીજા નાસી ભાગી પણ ગયા;
તે તો દેશ પ્રદેશે પ્રવરી, બીજા દૈત્યો આગે વાત કરી...૪૭

કહ્યું એક હતો નાનો બાળ, તેને જાણતા અમે દયાળ;
તેને અર્થે વધિયો વિરોધ, મૂઆ માંહોમાંહી કરી ક્રોધ...૪૮

ત્યારે અસુર બોલિયા એમ, એને ઓળખીએ અમે કેમ;
ત્યારે કહ્યું આપીએ એંધાણ, તેણે પડે તમને પેછાણ...૪૯

અતિ ત્યાગી તપસ્વી છે તને, નથી લોભાતો નારી ને ધને;
રહે છે સમાધિમાં દિનરાત, વળી જાણે છે મનની વાત...૫૦

એથી પડ્યો પરસ્પર ભેદ, થયો તેણે આપણો ઉચ્છેદ;
માટે મળે તો મેલવો નહિ, એવી વાત અસુરને કહી...૫૧

એવું સુણીને બોલ્યા અસુર, હવે ગોતશું એને જરૂર;
જો મળશે તો મારશું છળે, એમ બંધાણું વેર સઘળે...૫૨

એમ દૈત્યે કર્યું પરિયાણ, તેને જાણે છે હરિ સુજાણ;
કહે છે જેમ થશે તેમ ઠીક, નથી આતમાને કેની બીક...૫૩

એમ કહી જોયું તતખેવ, દીઠા દૈવી સંપત્તિના જીવ;
તેને પોતે ઉપદેશ આપી, કર્યા સુખી ભવદુઃખ કાપી...૫૪

આ જે હરિચરિત્ર અનુપ, કૃષ્ણભક્તને છે સુખરૂપ;
તેને કહેશે સાંભળશે જેહ, મહા કષ્ટથી મુકાશે તેહ...૫૫

આ લોકમાં પણ સુખી રહેશે, પરલોકે પરમ સુખ લેશે;
પાપહરણી કથા છે પવિત્ર, જેમાં પ્રકટ પ્રભુનાં ચરિત્ર...૫૬

ભક્ત હશે તે સુણશે ભાવે, અભક્તને અર્થ નહિ આવે;
કહેશે હેતે સાંભળશે કાન, તે પર રાજી થાશે ભગવાન...૫૭

*ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્ર નામે તેત્રીશમું પ્રકરણમ્ ॥૩૩॥*

*॥ ઈતિ શાંતિપાઠ સંપૂર્ણ ॥*

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# શાંતિ પામવાનો ઉપાય

**રાગ : સામેરી**

પછી પ્રભુ ગઢડે ગયા, તિયાં તેડાવિયા સંત;
એકાંતનું સુખ આપવા, હૈયે હેત છે અત્યંત...૦૧

સમજુ સંત સુજાણ જે, સતસંગમાં જે મુખિયા;
તે સંતને તેડાવિયા, દઈ દર્શન કરવા સુખિયા...૦૨

આવ્યા સંત શિરોમણિ, જિયાં હતા સુંદરશ્યામ;
ચરણ સ્પર્શી નાથનાં, વળી થયા પૂરણકામ...૦૩

પછી મુક્તાનંદજીએ, પૂછ્યું પ્રભુને પ્રશન;
નાથ તમારું ગમતું જે, હોય તે કરીએ સાધન...૦૪

પછી પ્રભુજી બોલિયા, તમે સાંભળો સર્વે જન;
જ્યારે પ્રભુને પામિયે, ત્યારે સર્વે થયાં સાધન...૦૫

પછી જે જે કરવું, તેહની તે કહું વાત;
ગુરુસંતને ભજવા, શ્રીહરિ જે સાક્ષાત...૦૬

ચૈતન્ય ચૈતન્ય એક નહીં, ઈન્દ્રિય મન જીવ ઈશ્વર;
એક એકથી અધિક એહ, તેથી પર પરમેશ્વર...૦૭

સંત અસંત એક નહીં, તે વિવેક બુદ્ધિ ધારવી;
મેં કરી જે લીલા અલૌકિક, તેને વારમવાર સંભારવી...૦૮

મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું;
બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું...૦૯

દાસના દાસ થઈને, વળી જે રહે સતસંગમાં;
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં...૧૦

મારા લોક મારી મૂરતિ, તે સત્ય નિર્ગુણ છે સહી;
તેને અસત્ય જે જાણશે, તે નાસ્તિક મારા નહીં...૧૧

મારું ધાર્યું અસત્ય સત્ય થાય છે, સમરથ મારું નામ સહી;
મારી દૃષ્ટિએ જક્ત ઊપજે શમે, અનેક રૂપે માયા થઈ...૧૨

પ્રકટ રૂપે સતસંગમાં, રહું છું રૂડી પેર;
વળી અવનિએ અવતાર લહું, નૃપ યોગી વિપ્રને ઘેર...૧૩

જન એટલું એ જાણવું, જે કહી તમને વાત;
નિઃશંક રહો નાથ કહે, સુણી જન થાય રળિયાત...૧૪

*|| ભક્તચિંતામણિ પ્રકરણ ૬૮ ||*

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# વૈરાગ્યમૂર્તિ શ્રીનિષ્કુળાનંદમુનિના આશીર્વાદ

આ જે હરિચરિત્ર અનુપ, કૃષ્ણભક્તને છે સુખરૂપ;
તેને કહેશે સાંભળશે જેહ, મહાકષ્ટથી મુકાશે તેહ...૫૫

આ લોકમાં પણ સુખી રહેશે, પરલોકે પરમ સુખ લેશે;
પાપહરણી કથા છે પવિત્ર, જેમાં પ્રકટ પ્રભુનાં ચરિત્ર...૫૬

ભક્ત હશે તે સુણશે ભાવે, અભક્તને અર્થ નહિ આવે;
કહેશે હેતે સાંભળશે કાન, તે પર રાજી થાશે ભગવાન...૫૭

*॥ ભક્તચિંતામણિ પ્રકરણ ૩૩ ॥*

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# શ્રીજી બાવની

જય જય સ્વામી સહજાનંદ, આશ્રિતજનને મન આનંદ...૦૧
જય જય શ્રીજી કરુણાધીશ, તવ ચરણોમાં નામું શીશ...૦૨
કરો કૃપા દૃષ્ટિ ભગવાન, આપો મુજને ભક્તિ જ્ઞાન...૦૩
માંગું કર જોડી તવ પાસ, મુજ હૃદિયામાં કરજો વાસ...૦૪
સરજુ કિનારે સુંદર ગામ, નિર્મળ છે છપૈયા ધામ...૦૫
સામ વેદી છે વિપ્ર તમામ, પ્રગટ્યા ત્યાં શ્રીજી ઘનશ્યામ...૦૬

છપૈયામાં જન્મ ધરી, ધર્મ ભક્તિ કુળ પાવન કરી...૦૭
આઠ વર્ષમાં ઉપવિત ધરી, અગિયાર વર્ષે વન વિચરી...૦૮
લોજ પૂરે વસીયા જઈ આપ, હરવા ભક્તોના સંતાપ...૦૯
દીક્ષા દીધી રામાનંદ, શુભ નામ દઈ સહજાનંદ...૧૦
ગઢપુર આવી વસિયા નાથ, ઉત્તમ નૃપનો ઝાલ્યો હાથ...૧૧
નિજજનના છો પ્રાણજીવન, તવ ચરણે ગઢપુર પાવન...૧૨
અનેક યજ્ઞો આપે કર્યા, ભક્તજનોનાં સંકટ હર્યા...૧૩
શિક્ષાપત્રી સદ્ગ્રંથ કર્યા, વચનામૃતથી સંશય હર્યા...૧૪
સ્વામિનારાયણ પ્રગટ્યા આપ, કરવા શાંત ત્રિવિધિ તાપ...૧૫
શ્રીઘનશ્યામ તમારું નામ, સહજાનંદજી પૂરણકામ...૧૬

જે મુખે સહજાનંદ ગાય, તેનાં દુઃખો દૂર પલાય...૧૭
નારાયણમુનિ શુભ નામ, ભક્તજનોની પૂરે હામ...૧૮
હરિકૃષ્ણ હૃદિયામાં ધરે, તેના મનોરથ પૂરણ કરે...૧૯
નીલકંઠ બ્રહ્મચારી નામ, જપવાથી અંતરે આરામ...૨૦
શ્રીજી શ્રીજી નામ ઉચ્ચાર, સરજુદાસ કરશે ભવપાર...૨૧
રામકૃષ્ણ ચોવીસ અવતાર, તેણે હણીયા અસુર અપાર...૨૨
ધર્મ એકાંતિક સ્થાપન કાજ, અવનિ ઉપર પ્રગટ્યા આજ...૨૩
અનંત પરચા આપ્યા તમે, ભક્ત ભેરુ થયા વિકટ સમે...૨૪
રૈવતગીરી દત્તાત્રેય ધામ, દત્તચરણ પર શ્રીઘનશ્યામ...૨૫
ઊભા દત્તરૂપે થઈ આપ, પૂજારી કરિયો નિષ્પાપ...૨૬

નરસૈયાને ચોરે જઈ, રાસમંડળનાં દર્શન દઈ...૨૭
હાટકેશ્વર જીરણગઢ ધામ, શિવ સેવકને દીધા દામ...૨૮
રાવણ કંસ અસુર તમામ, કામ ક્રોધ લોભના ગુલામ...૨૯
એ કામ ક્રોધને જીત્યા તમે, કર્યા પરમહંસ સહુને ગમે...૩૦
ચોવીસ અવતારોનાં રૂપ, ચોવીસ તીર્થંકર સુખરૂપ...૩૧
ચોવીસ પેગંબર રૂપ શામ, તમે દીધાં દર્શન સુખધામ...૩૨
કાઠી કોળી પરધન હરે, ધાડપાડુના ધંધા કરે...૩૩
અફીણ દારૂ મુખથી જમે, તેને માળા આપી તમે...૩૪
મહા ચરોતરની મોઝાર, ચોર ચોર તણો સરદાર...૩૫
જોબનપગીની વાગે હાક, તેને શરણ લઈ કરિયો પાક...૩૬

પાપી જે કરતા પંચ પાપ, તેને તો કીધા નિષ્પાપ...૩૭
દર્શન દઈ જપાવ્યા જાપ, અવતારના અવતારી આપ...૩૮
ધર્મ જ્ઞાન ભક્તિ વૈરાગ્ય, ઉપજાવ્યો તેનો અનુરાગ...૩૯
જીવ માયા ઈશ્વરનાં રૂપ, બ્રહ્મ અને પરબ્રહ્મ સ્વરૂપ...૪૦
તેનું દીધું જ્ઞાન અનુપ, એકાંતિક ધર્મે સુખરૂપ...૪૧
આત્મ સ્વરૂપ અનુભવ જ્ઞાન, ભલું કરી દીધું ભગવાન...૪૨
વિષ્ણુ શિવ બ્રહ્માદિક દેવ, પુરુષોત્તમની કરતા સેવ...૪૩
અમે સત્સંગી તમારા બાળ, સદા અમારી લો સંભાળ...૪૪
સત્સંગ મંડળ માગે ફરી, તવ ચરણોમાં રાખો હરિ...૪૫
અલ્પ મતિથી કરું સ્તવન, સ્વીકારી સુખ દ્યો ભગવન...૪૬

છેલ્લી અરજ તમારી પાસ, અક્ષરધામે દેજો વાસ...૪૭
માગું છું કર જોડી ખાસ, વચન દીયો મુજ હૃદયે વાસ...૪૮
દાસ જાણીને પૂરો હામ, નખશિખ મૂર્તિ શ્રીઘનશ્યામ...૪૯
માગે તીર્થ માધવાનંદ, શરણ તમારું સહજાનંદ...૫૦
શ્રીજી બાવની જે કોઈ ગાય, સહજાનંદજી કરશે સહાય...૫૧
અંતરમાં છાયો આનંદ, બોલો સહુ જન સહજાનંદ(૨)...૫૨

*।। ઈતિ શ્રીજીબાવની સમાપ્તા ।।*

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# શ્રીજી ચાલીસા

**દોહરા :**

પરાત્પર પરબ્રહ્મ પ્રભુ, સ્વામિનારાયણ શ્યામ;
ભક્તજન મનભાવન હરિ, સમરથ છો સુખધામ...૦૧

ભક્તસંકટહર હરિ, સુખ-શાંતિદાતાર;
અંતર્યામી સકલગામી, પ્રભુ ઉતારો પાર...૦૨

**ચોપાઈ :**

હે સહજાનંદ આનંદકંદ, મૂર્તિ મનોહર છો જગવંદ...૦૧

કરગરું પકડી તમારા પાય, કરજો ભક્તજનોને સહાય...૦૨

શ્રીજી ચાલીસા આ સુખકારી, ગાઉં છું મૂર્તિ હૈયે ધારી...૦૩

જે કોઈ ભાવે ગાવે જન, તેનાં હરજો સર્વે વિઘન...૦૪

સર્વોપરી છો શ્રીજી આપ, સર્વોપરી તમારો પ્રતાપ...૦૫

વહારે આવો છો તમે ઝટ, ટાળો છો સરવે સંકટ...૦૬

મુજને છે વિશ્વાસ અતિ, રક્ષા કરજો અકળગતિ...૦૭

આગે તમે બચાવ્યા બૌ, પરચા સુણ્યા છે મેં સૌ...૦૮

ટાળો છો સરવેનાં દુ:ખ, આપો છો તમે સદા સુખ...૦૯

ભીડ પડે છે જનને કાંય, તરત કરો છો તમે સહાય...૧૦
રાખી ભરોસો કરે ભજન, તેનું કરો છો સદા જતન...૧૧
દાદાખાચર પાળ્યા આપ, જોબનપગીનાં ટાળ્યાં પાપ...૧૨
સ્નેહીના નિભાવ્યા સ્નેહ, માગ્યું જે જે આપ્યું તેહ...૧૩
વહારે ચડિયા વારંવાર, મહા દયાળુ ભક્તિકુમાર...૧૪
વાંકાનેર તણો જીવરામ, મધ્યદરિયે બચાવ્યો શ્યામ...૧૫
જેતલપુરની વેશ્યા નાર, પળમાં તેનો કર્યો ઉદ્ધાર...૧૬
અવતારોના છો અવતારી, પ્રગટ સદા છો ભવભયહારી...૧૭
આલોકે પરલોકે નાથ, ભક્તજનોને આપો સાથ...૧૮

જ્યારે કોપ્યા પિતા એભલ, મોટીબાને વસમી પળ...૧૯

દૂધ કટોરો પીધો આપ, ટાળી દીધા સર્વે તાપ...૨૦

સેવક એક લાલજી સુતાર, રણમાં તૃષા લાગી અપાર...૨૧

દુઃખી દીઠો દાસ અમાપ, મીઠો કીધો સાગર આપ...૨૨

મોટા સ્વામી અખંડાનંદ, વિચરે સત્સંગમાં જગવંદ...૨૩

વાઘ મળ્યા વનમાં વિકરાળ, તેથી બચાવ્યા તરત દયાળ...૨૪

મુક્તાનંદને વન મોઝાર, આડી આવી નદી અપાર...૨૫

વિપ્ર વેશે આવી તેહ વાર, પળમાં દીધા ઉતારી પાર...૨૬

કરિયાં છે વહેવારી કામ, દાદા ખાચરનાં તમામ...૨૭

અતિ દયાળુ છો ઘનશ્યામ, કરજો સ્નેહે અમારાં કામ...૨૮

મનની મૂંઝવણ તનના રોગ, અતિ નઠારો છે ભવરોગ...૨૯

એથી ઉગારી લેજો નાથ, પ્રેમે ઝાલી અમારો હાથ...૩૦

સ્વામિનારાયણ છો સુખરાશી, છીએ તમારાં દાસ-દાસી...૩૧

કોને કહીએ જઈએ ક્યાં, બધું જ માગીએ તમારે ત્યાં...૩૨

આપો છો સંસારી સુખ, ટાળો છો વહેવારી દુઃખ...૩૩

અંતે પમાડો અક્ષરધામ, રક્ષા કરો છો આઠો જામ...૩૪

ધામના ધામી પૂરણકામ, નામના નામી છો સુખધામ...૩૫

સમરથ છો રાજાધિરાજ, પ્રગટ અમારા છો મહારાજ...૩૬

તમે જ છો મારે આધાર, કરજો દુઃખનો દરિયો પાર...૩૭
મળજો મુજને પ્યારા નાથ, રહેજો સ્નેહે સદા સંગાથ...૩૮
નિષ્કામી સકામી હોય, શ્રીજી ચાલીસા ગાવે કોય...૩૯
જ્ઞાનજીવન કહે જોડી હાથ, રક્ષા કરજો તેની નાથ...૪૦

**દોહરા :** સુખકર ને દુઃખહર છો, પ્યારા સહજાનંદ;
જ્ઞાનકર અજ્ઞાનહર, આપો સદા આનંદ.

શ્રીહરિ સહજાનંદકી જય, ધરમસુત ઘનશ્યામકી જય,
બોલો રે ભાઈ હરિકૃષ્ણકી જય

*॥ ઈતિ શ્રીજીચાલીસા સમાપ્તા ॥*

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# ફગવા

**ચોપાઈ :**

ત્યારે રાજ કહે રાજી છૈયે, માગો મનમાન્યું અમે દૈયે;
ત્યારે બોલ્યા જન જોડી હાથ, તમ પાસે એ માગીએ નાથ...૦૧

મહા બળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી;
એવું વરદાન દીજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે...૦૨

વળી તમારે વિશે જીવન, નાવે મનુષ્યબુદ્ધિ કોઈ દન;
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ...૦૩

સત્સંગી જે તમારા કહાવે, તેનો કેદી અભાવ ન આવે;
દેશ કાળ ને ક્રિયાએ કરી, કેદી તમને ન ભૂલિયે હરિ...૦૪

કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ;
તમને ભજતાં આડું જે પડે, માગિયે એ અમને ન નડે...૦૫

એટલું માગિયે છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે;
વળી ન માગિયે અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ...૦૬

કેદી દેશો મા દેહાભિમાન, જેણે કરી વીસરો ભગવાન;
કેદી કુસંગનો સંગ મ દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો...૦૭

કેદી દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ;
દેશો મા પ્રભુ જક્તમોટાઈ, મદ મત્સર ઈરષા કાંઈ...૦૮

દેશો મા દેહસુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ;
દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ...૦૯

દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય;
એ આદિ નથી માગતા અમે, દેશો મા દયા કરીને તમે...૧૦

પછી બોલિયા શ્યામ સુંદર, જાઓ આપ્યો તમને એ વર;
મારી માયામાં નહિ મૂંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ...૧૧

મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ;
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત...૧૨

દીધા દાસને ફગવા એવા, બીજું કોણ સમર્થ એવું દેવા;
એમ રમ્યા રંગભર હોળી, હરિ સાથે હરિજન ટોળી...૧૩

*॥ ભક્તચિંતામણિ પ્રકરણ ૬૪ ॥*

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# જનમંગલ નામાવલી

૦૧ ૐ શ્રીશ્રીકૃષ્ણાય નમઃ
૦૨ ૐ શ્રીવાસુદેવાય નમઃ
૦૩ ૐ શ્રીનરનારાયણાય નમઃ
૦૪ ૐ શ્રીપ્રભવે નમઃ
૦૫ ૐ શ્રીભક્તિધર્માત્મજાય નમઃ
૦૬ ૐ શ્રીઅજન્મને નમઃ
૦૭ ૐ શ્રીકૃષ્ણાય નમઃ
૦૮ ૐ શ્રીનારાયણાય નમઃ
૦૯ ૐ શ્રીહરયે નમઃ
૧૦ ૐ શ્રીહરિકૃષ્ણાય નમઃ
૧૧ ૐ શ્રીઘનશ્યામાય નમઃ
૧૨ ૐ શ્રીધાર્મિકાય નમઃ

૧૩ ૐ શ્રીભક્તિનન્દનાય નમઃ
૧૪ ૐ શ્રીબૃહદ્વ્રતધરાય નમઃ
૧૫ ૐ શ્રીશુદ્ધાય નમઃ
૧૬ ૐ શ્રીરાધાકૃષ્ણેષ્ટ દૈવતાય નમઃ
૧૭ ૐ શ્રીમરુત્સુતપ્રિયાય નમઃ
૧૮ ૐ શ્રીકાલીભૈરવાદ્યતિ-
ભીષણાય નમઃ
૧૯ ૐ શ્રીજીતેન્દ્રિયાય નમઃ
૨૦ ૐ શ્રીજીતાહારાય નમઃ
૨૧ ૐ શ્રીતીવ્રવૈરાગ્યાય નમઃ
૨૨ ૐ શ્રીઆસ્તિકાય નમઃ

૨૩ ૐ શ્રીયોગેશ્વરાય નમઃ
૨૪ ૐ શ્રીયોગકલાપ્રવૃત્તયે નમઃ
૨૫ ૐ શ્રીઅતિધૈર્યવતે નમઃ
૨૬ ૐ શ્રીજ્ઞાનિને નમઃ
૨૭ ૐ શ્રીપરમહંસાય નમઃ
૨૮ ૐ શ્રીતીર્થકૃતે નમઃ
૨૯ ૐ શ્રીતૈર્થિકાર્ચિતાય નમઃ
૩૦ ૐ શ્રીક્ષમાનિધયે નમઃ
૩૧ ૐ શ્રીસદોન્નિદ્રાય નમઃ
૩૨ ૐ શ્રીધ્યાનનિષ્ઠાય નમઃ
૩૩ ૐ શ્રીતપઃપ્રિયાય નમઃ

૩૪ ૐ શ્રીસિદ્ધેશ્વરાય નમઃ
૩૫ ૐ શ્રીસ્વતન્ત્રાય નમઃ
૩૬ ૐ શ્રીબ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ
૩૭ ૐ શ્રીપાષંડોચ્છેદનપટવે નમઃ
૩૮ ૐ શ્રીસ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ
૩૯ ૐ શ્રીપ્રશાન્તમૂર્તયે નમઃ
૪૦ ૐ શ્રીનિર્દોષાય નમઃ
૪૧ ૐશ્રીઅસુરગુર્વાદિમોહનાય નમઃ
૪૨ ૐ શ્રીઅતિકારુણ્યનયનાય નમઃ
૪૩ ૐ શ્રીઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ
૪૪ ૐ શ્રીમહાવ્રતાય નમઃ
૪૫ ૐ શ્રીસાધુશીલાય નમઃ
૪૬ ૐ શ્રીસાધુવિપ્રપ્રપૂજકાય નમઃ
૪૭ ૐ શ્રીઅહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ
૪૮ ૐ શ્રીસાકારબ્રહ્મવર્ણનાય નમઃ
૪૯ ૐ શ્રીસ્વામિનારાયણાય નમઃ
૫૦ ૐ શ્રીસ્વામિને નમઃ
૫૧ ૐ શ્રીકાલદોષનિવારકાય નમઃ
૫૨ ૐ શ્રીસચ્છાસ્ત્રવ્યસનાય નમઃ
૫૩ ૐ શ્રીસદ્યઃસમાધિસ્થિતિ-
કારકાય નમઃ
૫૪ ૐ શ્રીકૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ

૫૫ ૐ શ્રીકૌલદ્વિષે નમઃ
૫૬ ૐ શ્રીકલિતારકાય નમઃ
૫૭ ૐ શ્રીપ્રકાશરૂપાય નમઃ
૫૮ ૐ શ્રીનિર્દમ્ભાય નમઃ
૫૯ ૐ શ્રીસર્વજીવહિતાવહાય નમઃ
૬૦ ૐ શ્રીભક્તિસમ્પોષકાય નમઃ
૬૧ ૐ શ્રીવાગ્મિને નમઃ
૬૨ ૐ શ્રીચતુર્વર્ગફલપ્રદાય નમઃ
૬૩ ૐ શ્રીનિર્મત્સરાય નમઃ
૬૪ ૐ શ્રીભક્તવર્મણે નમઃ
૬૫ ૐ શ્રીબુદ્ધિદાત્રે નમઃ
૬૬ ૐ શ્રીઅતિપાવનાય નમઃ
૬૭ ૐ શ્રીઅબુદ્ધિહૃતે નમઃ
૬૮ ૐ શ્રીબ્રહ્મધામદર્શકાય નમઃ
૬૯ ૐ શ્રીઅપરાજીતાય નમઃ
૭૦ ૐ શ્રીઆસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ
૭૧ ૐ શ્રીશ્રિતસંસૃતિમોચનાય નમઃ
૭૨ ૐ શ્રીઉદારાય નમઃ
૭૩ ૐ શ્રીસહજાનન્દાય નમઃ
૭૪ ૐ શ્રીસાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ
૭૫ ૐ શ્રીકન્દર્પદર્પદલનાય નમઃ
૭૬ ૐ શ્રીવૈષ્ણવક્રતુકારકાય નમઃ

| | |
|---|---|
| ૭૭ ૐ શ્રીપંચાયતનસન્માનાય નમઃ | ૮૮ ૐ શ્રીઋજવે નમઃ |
| ૭૮ ૐ શ્રીનૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ | ૮૯ ૐ શ્રીસર્વોપકારકાય નમઃ |
| ૭૯ ૐ શ્રીપ્રગલ્ભાય નમઃ | ૯૦ ૐ શ્રીનિયામકાય નમઃ |
| ૮૦ ૐ શ્રીનિઃસ્પૃહાય નમઃ | ૯૧ ૐ શ્રીઉપશમસ્થિતયે નમઃ |
| ૮૧ ૐ શ્રીસત્યપ્રતિજ્ઞાય નમઃ | ૯૨ ૐ શ્રીવિનયવતે નમઃ |
| ૮૨ ૐ શ્રીભક્તવત્સલાય નમઃ | ૯૩ ૐ શ્રીગુરવે નમઃ |
| ૮૩ ૐ શ્રીઅરોષણાય નમઃ | ૯૪ ૐ શ્રીઅજાતવૈરિણે નમઃ |
| ૮૪ ૐ શ્રીદીર્ઘદર્શિને નમઃ | ૯૫ ૐ શ્રીનિર્લોભાય નમઃ |
| ૮૫ ૐ શ્રીષડૂર્મિવિજયક્ષમાય નમઃ | ૯૬ ૐ શ્રીમહાપુરુષાય નમઃ |
| ૮૬ ૐ શ્રીનિરહંકૃતયે નમઃ | ૯૭ ૐ શ્રીઆત્મદાય નમઃ |
| ૮૭ ૐ શ્રીઅદ્રોહાય નમઃ | ૯૮ ૐ શ્રીઅખંડિતાર્ષમર્યાદાય નમઃ |

| | |
|---|---|
| ૯૯ૐશ્રીવ્યાસસિદ્ધાન્તબોધકાયનમઃ | ૧૦૪ ૐ શ્રીગુણગ્રાહિણે નમઃ |
| ૧૦૦ ૐ શ્રીમનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ | ૧૦૫ ૐ શ્રીગતસ્મયાય નમઃ |
| ૧૦૧ ૐ શ્રીયમદૂતવિમોચકાય નમઃ | ૧૦૬ ૐ શ્રીસદાચારપ્રિયતરાય નમઃ |
| ૧૦૨ ૐ શ્રીપૂર્ણકામાય નમઃ | ૧૦૭ ૐ શ્રીપુણ્યશ્રવણકીર્તનાય નમઃ |
| ૧૦૩ ૐ શ્રીસત્યવાદિને નમઃ | ૧૦૮ ૐ શ્રીસર્વમંગલસદ્રૂપનાના-ગુણવિચેષ્ટિતાય નમઃ |

*॥ ઈતિ શ્રીજનમંગલનામાવલી સમાપ્તા ॥*

INDEX

**શાંતિપાઠના પાઠની યાદી** : વહાલા ભક્તજનો ! શાંતિપાઠના પાઠની યાદી રાખવા માટે નીચે આપેલ કોલમમાં જે પાઠ થાય તે કોલમમાં પેન્સિલથી ચોકડી કરવી. અહીં આપેલ કુલ ૨૫૦ પાઠથી વધારે કરવાના હોય તો ફરીવાર કંઈક જુદું નિશાન રાખીને યાદી રાખવી.

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ | ૪૧ | ૪૨ |
| ૪૩ | ૪૪ | ૪૫ | ૪૬ | ૪૭ | ૪૮ | ૪૯ | ૫૦ | ૫૧ | ૫૨ | ૫૩ | ૫૪ | ૫૫ | ૫૬ |
| ૫૭ | ૫૮ | ૫૯ | ૬૦ | ૬૧ | ૬૨ | ૬૩ | ૬૪ | ૬૫ | ૬૬ | ૬૭ | ૬૮ | ૬૯ | ૭૦ |
| ૭૧ | ૭૨ | ૭૩ | ૭૪ | ૭૫ | ૭૬ | ૭૭ | ૭૮ | ૭૯ | ૮૦ | ૮૧ | ૮૨ | ૮૩ | ૮૪ |
| ૮૫ | ૮૬ | ૮૭ | ૮૮ | ૮૯ | ૯૦ | ૯૧ | ૯૨ | ૯૩ | ૯૪ | ૯૫ | ૯૬ | ૯૭ | ૯૮ |
| ૯૯ | ૧૦૦ | ૧૦૧ | ૧૦૨ | ૧૦૩ | ૧૦૪ | ૧૦૫ | ૧૦૬ | ૧૦૭ | ૧૦૮ | ૧૦૯ | ૧૧૦ | ૧૧૧ | ૧૧૨ |
| ૧૧૩ | ૧૧૪ | ૧૧૫ | ૧૧૬ | ૧૧૭ | ૧૧૮ | ૧૧૯ | ૧૨૦ | ૧૨૧ | ૧૨૨ | ૧૨૩ | ૧૨૪ | ૧૨૫ | ૧૨૬ |
| ૧૨૭ | ૧૨૮ | ૧૨૯ | ૧૩૦ | ૧૩૧ | ૧૩૨ | ૧૩૩ | ૧૩૪ | ૧૩૫ | ૧૩૬ | ૧૩૭ | ૧૩૮ | ૧૩૯ | ૧૪૦ |
| ૧૪૧ | ૧૪૨ | ૧૪૩ | ૧૪૪ | ૧૪૫ | ૧૪૬ | ૧૪૭ | ૧૪૮ | ૧૪૯ | ૧૫૦ | ૧૫૧ | ૧૫૨ | ૧૫૩ | ૧૫૪ |
| ૧૫૫ | ૧૫૬ | ૧૫૭ | ૧૫૮ | ૧૫૯ | ૧૬૦ | ૧૬૧ | ૧૬૨ | ૧૬૩ | ૧૬૪ | ૧૬૫ | ૧૬૬ | ૧૬૭ | ૧૬૮ |
| ૧૬૯ | ૧૭૦ | ૧૭૧ | ૧૭૨ | ૧૭૩ | ૧૭૪ | ૧૭૫ | ૧૭૬ | ૧૭૭ | ૧૭૮ | ૧૭૯ | ૧૮૦ | ૧૮૧ | ૧૮૨ |
| ૧૮૩ | ૧૮૪ | ૧૮૫ | ૧૮૬ | ૧૮૭ | ૧૮૮ | ૧૮૯ | ૧૯૦ | ૧૯૧ | ૧૯૨ | ૧૯૩ | ૧૯૪ | ૧૯૫ | ૧૯૬ |
| ૧૯૭ | ૧૯૮ | ૧૯૯ | ૨૦૦ | ૨૦૧ | ૨૦૨ | ૨૦૩ | ૨૦૪ | ૨૦૫ | ૨૦૬ | ૨૦૭ | ૨૦૮ | ૨૦૯ | ૨૧૦ |
| ૨૧૧ | ૨૧૨ | ૨૧૩ | ૨૧૪ | ૨૧૫ | ૨૧૬ | ૨૧૭ | ૨૧૮ | ૨૧૯ | ૨૨૦ | ૨૨૧ | ૨૨૨ | ૨૨૩ | ૨૨૪ |
| ૨૨૫ | ૨૨૬ | ૨૨૭ | ૨૨૮ | ૨૨૯ | ૨૩૦ | ૨૩૧ | ૨૩૨ | ૨૩૩ | ૨૩૪ | ૨૩૫ | ૨૩૬ | ૨૩૭ | ૨૩૮ |
| ૨૩૯ | ૨૪૦ | ૨૪૧ | ૨૪૨ | ૨૪૩ | ૨૪૪ | ૨૪૫ | ૨૪૬ | ૨૪૭ | ૨૪૮ | ૨૪૯ | ૨૫૦ | | |



પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)

ISBN 978-93-83456-61-1

**પ્રકાશક :**

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ
તથા કારેલીબાગ-વડોદરા

www.swaminarayanbhagwan.com
Email : karelibaug@gmail.com